Samvad-gujarati-July-Sep 2019:Samvad-gujarati.qxd 09-11-2019 13:23 Page 1

JUBILANT BHARTIA FOUNDATION

# સંવાદ

ગુજરાત (ભરૂચ–સાવલી)
ત્રિમાસિક–2

જ્યુબિલન્ટ ભરતિયા ફાઉન્ડેશન દ્વારા ત્રિમાસિક સામાજીક સમાચારપત્ર

એપ્રિલ–જુન 2019 આવૃતિ 14

**અંદરના પાનાઓમાં**

**2** જુના સમલાચા સ્કૂલ ખાતે જન્માષ્ટમી ની ઉજવણી
જુના સમલાચા સ્કૂલ ખાતે જન્માષ્ટમી ની ઉજવણી
પ્રાથમિક શાળાઓમાં થીમ આધારીત ચિત્ર સ્પર્ધા
સાવલીમાં જ્યુબિલન્ટ ભરતિયા ફાઉન્ડેશન દ્વારા શિક્ષકોનું બહુમાન
'સ્વચ્છતા હિ સેવા'

**3-4** ભરૂચ યુનિટ

## જ્યુબિલંટ ભરતિયા ફાઉંડેશન દ્વારા "દરેક આંગણામાં વૃક્ષ" કાર્યક્રમ







**તારીખ: 26-7-2019**

જ્યુબિલંટ ભરતિયા ફાઉંડેશન દ્વારા મુસ્કાન પ્રોજેક્ટ અંતર્ગત "દરેક આંગણામાં વૃક્ષ" કાર્યક્રમ હેઠળ સાવલી તાલુકાના જુના સમલાચા,કારચીયા અને પસવાની પ્રાથમિક શાળાઓમાં આશરે 1000 થી વધુ વિવિધ પ્રકારના વૃક્ષનું વિતરણ અને રોપણ કરવામાં આવ્યું હતુ. આ કાર્યક્રમ અંતર્ગત ગામમાં મહિલાઓમાં પણ જાગૃતતા આવે તે માટે પર્યાવરણ પર ચર્ચા કરીને સમજવામાં આવ્યા હતા. આ કાર્યક્રમ પાછળનો હેતુ બાળકોમાં પર્યાવરણનું જતન કેવી રીતે કરવું તેમજ તેવોના જીવનમાં પર્યાવરણનું કેટલું યોગદાન છે તેની સમજ પણ કેળવવાનો હતો.

## સ્વાતંત્ર દિવસની ઉજવણી

**તારીખ: 15-8-2019**




15 મી ઓગષ્ટે 73 માં સ્વાતંત્ર દિવસની ઉજવણી જયુબિલંટ કંપનીમાં તેમજ કંપની નજીક આવેલા ગામોની શાળાઓમાં ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે કંપનીના એચ આર હેડ નિરજ ત્રિપાઠિ તેમજ કંપનીના યુનિટ હેડ શ્રી તરૂણ મોદી દ્વારા કંપનીમાં કામ કરતા સાથી કર્મચારીઓને સ્વાતંત્રતા દિવસની શુભેચ્છાઓ પણ પાઠવવામાં આવી હતી. તેમજ કંપની નજીક આવેલ શાળાઓ જુના સમલાચા, કારચીયા અને પસવામાં બાળકોને મીઠાઈનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## નાણાકીય સાક્ષરતા અને સરકાર શ્રી ની યોજના ના વિશે માહિતી

**તારીખ: 17-8-2019**



જ્યુબિલન્ટ ભરતીયા ફાઉન્ડેશન તથા બરોડા સ્વ રોજગાર વિકાસ સંસ્થાન ના સંયુકત ઉપક્રમે જુના સમલચા ગામ ખાતે સ્વ સહાય જૂથોની મહિલાઓ માટે નાણાકીય સાક્ષરતા નો એક વર્કશોપ યોજવામાં આવ્યો હતો. જેમાં ગ્રામીણ મહિલાઓ દ્વારા રોજિંદા ખર્ચાઓની સામે ભવિષ્યને સારું બનાવવા માટે કેવી રીતે પૈસા બચાવી બચત કરી શકાય તેમજ સરકાર શ્રી તરફ થી મળતી વિવિધ યોજનાઓ દ્વારા આપણે તેનો લાભ કઈ રીતે લઈ શકીએ છીએ તેના વિશે જરૂરી એવું માર્ગદશન પૂરું પાડવામાં આવ્યું હતું.

Samvad-gujarati-July-Sep 2019:Samvad-gujarati.qxd 09-11-2019 13:23 Page 2



# જુના સમલાયા સ્કૂલ ખાતે જન્માષ્ટમી ની ઉજવણી

**તારીખ: 24-8-2019**



જ્યુબિલન્ટ ભારતીયા ફાઉન્ડેશન દ્વારા જુના સમલાયા ની સ્કૂલ માં જન્માષ્ટમી ના કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં શાળાના વિદ્યાથીઓ દ્વારા મટકી ફોડ નું પણ આયોજન કરવામાં આવ્યુ હતું. કંપની માંથી પધારેલ સાહેબ શ્રી ગુરીશ ખોસલા, નીરજ ત્રિપાઠી તેમજ કંપની ના કર્મચારીઓ ઉપસ્થિત રહી બાળકોનો ઉત્સાહ વધાર્યો હતો. તેમજ કંપની તરફથી બાળકોને પ્રોત્સાહન ઈનામ નું પણ વિતરણ કરવામાં આવ્યું હતું.

# પ્રાથમિક શાળાઓમાં થીમ આધારીત ચિત્ર સ્પર્ધા

**તારીખ: 29-8-2019**



જ્યુબિલન્ટ ભરતીયા ફાઉન્ડેશનના મુસ્કાન પ્રોજેક્ટ દ્વારા ચાલતા વિવિધ પ્રોગ્રામ અંતર્ગત કારચીયા, પસવા અને જુના સમલાયા પ્રાથમિક શાળામાં વિવિધ થીમ આધારીત ચિત્ર સ્પર્ધા યોજવામાં આવી હતી. આ ચિત્ર સ્પર્ધામાં ૩૯૮ વિદ્યાથીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધા દ્વારા બાળકોમાં રહેલી સુસુપ્ત શક્તિઓને બહાર લાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો. તેમજ બાળકોમાં વ્યક્તિગત વિકાસ કેળવાય અને રોજીંદા શિક્ષણ કાર્યમાં રુચિ દાખવે તે હેતુથી દર વર્ષે ચિત્ર સ્પર્ધાયોજવામાં આવે છે

# સાવલીમાં જયુબિલન્ટ ભરતિયા ફાઉન્ડેશન દ્વારા શિક્ષકોનું બહુમાન

**તારીખ: 5-8-2019**





શિક્ષક દિન નિમિત્તે સાવલી તાલુકામાં જ્યુબિલન્ટ ભરતીયા ફાઉન્ડેશન દ્વારા કંપનીના આજુબાજુ ગામો જુના સમલાયા, કરચીયા અને પસવા ગામોની શાળાઓમાં શિક્ષકોને સન્માનિત કરી શિક્ષકદિનની ઉજવણી કરવામાં આવી હતી. જુબિલન્ટ ભરતીયા ફાઉન્ડેશન દ્વારા કંપનીના આજુબાજુના ગામોના બાળકોને પ્રાથમિક શિક્ષણ અને પ્રેરણા મળે તે હેતુથી વિવિધ કાર્યક્રમો યોજી બાળકો અને ગ્રામજનોને શિક્ષણ પ્રત્યે જાગૃત કરવાનું મહત્વનું યોગદાન આપી રહેલ છે. ત્યારે દેશના રાષ્ટ્રપતિ ડો. સર્વોપલ્લી રાધાકૃષ્ણનના જન્મદિને શિક્ષક દિને જુબિલન્ટ ભરતીયા ફાઉન્ડેશન દ્વારા કંપની ના અધિકારીઓ એચ આર હેડ નીરજ ત્રિપાઠી અને ધરમ પંડ્યા ઉપસ્થિત રહી શિક્ષકોને સન્માનિત કરવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

# સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત 'સ્વચ્છતા હિ સેવા' પાઠવાડિયુ મનાવવામાં આવ્યું

**તારીખ: 24 સપ્ટે થી 2 ઓક્ટો 2019**





સ્વચ્છ ભારત અભિયાન ભારત સરકાર દ્વારા ચલાવમાં આવેલ સ્વચ્છતા અભિયાન છે. આ અભિયાન 2 ઓક્ટોબર 2014 માં મહાત્મા ગાંધીની 145 મી જન્મદિવસ પર ભારત સરકાર દ્વારા શરૂ કરવામાં આવ્યું હતું. ભારત સરકારે 2 ઓક્ટોબર સુધી ભારતને સ્વચ્છ ભારત બનવાનો ઉદેશ રાખ્યો છે. જે મહાત્મા ગાંધી ની 150 મી જયંતિ હશે.

આ હેતુ ને ધ્યાન માં લઈને તારીખ 15 સપ્ટેંબરથી ર ઓક્ટોબર 2019 સુધી "સ્વચ્છતા હી સેવા" પખવાડિયાનું આયોજન ભારત સરકાર દ્વારા કરવામાં આવ્યુ હતું. ત્યારે જુબિલન્ટ કંપની તરફથી પણ 24 સપ્ટેંબરથી 2 ઓક્ટોબર સુધી સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં કંપની ની અંદર તેમજ કંપનીની બહારના વિસ્તારો માં સ્વચ્છતા અભિયાનની કામગીરી કરવામાં આવી હતી. જેમાં કંપનીના દરેક કર્મચારી ગણે ભાગ લીધો હતો. તેમજ આ અભિયાન અંતર્ગત કંપનીની બહારના ગામોમાં જુના સમલાયા, કારચીયા અને પસવાની શાળાઓમાં સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું. તેમાં શાળામાં આવેલ ગ્રાઉન્ડની સફાઈ કરવામાં આવી હતી. ત્યાર બાદ ગામોની અંદર જાહેર સ્થળો, મંદિરો અને રોડ રસ્તાઓ ની સફાઈ કરવામાં આવી હતી. આ સફાઈ અભિયાનમાં ગામનું યુવા વર્ગ પણ સામીલ થયું હતું, તેમજ ગામની અંદર જુબિલન્ટ ભરતીયા ફાઉન્ડેશન દ્વારા ચલાવવામાં આવતા સ્વ સહાય સમૂહ ના સભ્યો પણ મોટી સંખ્યામાં જોડાયા હતા. શાળાની અંદર "સ્વચ્છતા હી સેવા" અંગેની ચિત્ર અને નિબંધ સ્પર્ધાઓ પણ યોજવામાં આવી હતી. તેમજ દરેક વિદ્યાથીઓ ને સ્વચ્છતા વિશે જાણકારી આપી શાળાઓમાં ડસ્ટબિનનુ પણ વિતરણ કરવામાં આવ્યું.

ત્યાર બાદ આ પ્રોગ્રામ અંતર્ગત જુબિલન્ટ ભરતીયા ફાઉન્ડેશન દ્વારા સમલાયા રેલ્વે સ્ટેશન, સાવલી બસ સ્ટેશનની સફાઈ અને સાવલી નગર પાલિકાને 70 ડસ્ટબિન નું પણ વિતરણ કરવાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સફાઈ અભિયાનમાં સાવલી તાલુકાના ધારાસભ્ય શ્રી કેતન ભાઈ ઈનામદાર, સાવલી નગર પાલિકાના અધ્યક્ષ, ઉપાઅધ્યક્ષ, કોર્પોરેટર ,ગામોના સરપંચ તેમજ કંપનીના યુનિટ હેડ ગુરીશ ખોસલા, તરુણ મોદી, નીરજ ત્રિપાઠી તેમજ કંપનીના કર્મચારીઓ ઉપસ્થિત રહી બસ સ્ટેશનની સફાઈ કરવામાં આવી હતી અને ''સ્વચ્છતા હી સેવા'' પખવાડિયું મનાવવામાં આવ્યું હતું .

# ભરૂચ યુનિટ

## કોર્પોરેટ સોશિયલ રીસ્પોન્સબિલીટીની પ્રવૃતિઓની એક ઝલક

તારીખ: - -- -2019

### મુસ્કાન

મુસ્કાન આગામી વર્ષના કાર્યક્રમોની વિગતો આગામી માસોમાં વિદ્યાર્થીઓની અલગ અલગ સ્પર્ધાઓનુ આયોજન કરી બાળકોમાં અભ્યાસ અંગે જાગૃતતા અને આંતરીક પ્રતિભાને વિકસાવવા માટે જેબીએફ દ્વારા અલગ અલગ કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવશે.

### આગામી માસોનું આયોજન

| માસ | ઓક્ટોબર | નવેમ્બર | ડિસેમ્બર |
|---|---|---|---|
| પ્રવૃતિનું નામ | કવિતા વાંચન સ્પર્ધા અને હસ્તાક્ષર | નિબંધ લેખન સ્પર્ધા વેસ્ટમાંથી બેસ્ટ | કાફટ ડે |

મુસ્કાન પ્રોજેકટ દ્વારા 15 સરકારી ગ્રામ્ય પ્રાથમિક શાળાઓંના વિદ્યાર્થીઓને શિક્ષણની સાથે અલગ અલગ પ્રવૃતિઓથી વ્યક્તિત્વ વિકાસ થાય એ હેતુથી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ .

**હેતુઓઃ**

1. વિદ્યાર્થીઓની આંતરીક શક્તિઓને ખીલવવી
2. શિક્ષણની સાથે સાથે અલગ અલગ પ્રવૃતિ કરવા પ્રેરીત કરવા
3. વિદ્યાર્થીઓને નિયમિત શાળાએ આવવા માટે
4. વિદ્યાર્થીઓને જનરલ નોલેજ મળી શકે
5. શાળાના વ્યવસ્થાપનને સુંદર અને હળવું બનાવવા

**અપેક્ષિત પરીણામોઃ**

1. બાળકો શાળામાં આવવા માટે પ્રેરીત થાય
2. બાળકોની સાથે સાથે વાલીઓ પણ જાગૃત થાય
3. બાળકો અલગ અલગ પ્રવૃતિઓમાં ભાગ લેવાનું પસંદ કરે
4. વિદ્યાર્થીઓને પ્રવૃતિની સાથે સાથે અભ્યાસમાં પણ રસ આવે.
5. શિક્ષકોને પણ વિદ્યાર્થીઓ પાસે પ્રવૃતિઓ કરાવવામાં ઉત્સાહ વધે.

ક્રમે આવનાર વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ કરવામાં આવ્યું.

## એચપી વાવ બસ દ્વારા કોમ્પ્યુટરની તાલિમ



એચપી વાવ બસ દ્વારા 215 બાળકોને કોમ્પ્યુટરનુ શિક્ષણ આપવામાં આવ્યુ. તેમજ વાગરા તાલુકાનો રેવન્યુ રેકોર્ડ અપલોડ કરવા 7/12 ના 1951 અને તેથી પહેલાનો ઉપલબ્ધ રેકોર્ડ ઓનલાઈન કરવા એચપી વાવ બસનો ઉપયોગ કરવામાં આવ્યો. તાલુકાના 71 ગામના તલાટીઓં દ્વારા મામલાતદાર કચેરીએ એચપી વાવ બસમાં માહિતીની નોંધણી કરવામાં આવી.

## માસિક આયોજન સભા

માસિક આયોજન સભા વોરાસમની અને વિલાયત ખાતે યોજવામાં આવી કે જેનો મુખ્ય ઉદેશ મુસ્કાન શાળાની માસિક પ્રવૃતિઓ અને અભ્યાસક્રમને કેવી રીતે આગળ વિકસિત અને વધારી શકાય તે બાબતે ચર્ચા કરવામાં આવી. તેમજ શિક્ષકો સાથે વિદ્યાર્થીઓ માટે આવનાર સમયમાં વધુ પ્રગતિ માટે આયોજન કરતા કાર્યક્રમો અંગે પણ ચર્ચા કરવામાં આવી.

**pls send the photo for this space**

## જયુબિલન્ટ આરોગ્ય

તારીખ: - -- -2019



જયુબિલન્ટ ભરતિયા ફાઉંડેશન દ્વારા કંપનીની આસપાસના ગ્રામજનોના સારા આરોગ્ય માટે "ફરતુ દવાખાનુ" એમ્બયુલન્સ _________ ગામોમાં સુવિધા પૂરી પાડે છે. જેમાં વિલાયત, અરગામા, વોરાસમની, ભેરસમ, સલાદરા, વહાલુ ગામમાં દર્દિઓને સુવિધા પૂરી પાડવામાં આવે છે જયાં ડોકટર દ્વારા દર્દિઓનું ચેક અપ, વજન, ઈગ અને લોહિની તપાસ કરવામાં આવે છે.

## હર આંગન મેં પેડ

તારીખ: - -- -2019

**pls send the photo for this space**

જયુબિલંટ ભરતિયા ફાઉંડેશન દ્વારા પર્યાવરણ બચાવવા તેમજ પ્રદૂષણ અટકાવવા અંગે હંમેશા પહેલ કરવામાં આવે છે. જેથી ૧૫ શાળાઓના વિદ્યાર્થીઓને "વધુ વૃક્ષ વાવો પર્યાવરણ બચાવો" આ સૂત્રથી છોડનું વિતરણ કરવામાં આવ્યું. વિલાયત, વોરાસમની અને આંકોટ ગામની શાળાઓમાં વિદ્યાર્થીઓને 500 છોડનું વિતરણ કરવા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. મુસ્કાન શાળાના વિદ્યાર્થીઓને પર્યાવરણની સાથે પ્રદૂષણને કેવી રીતે નિયંત્રિત થાય તે સમજાવવામાં આવ્યું.

Samvad-gujarati-July-Sep 2019:Samvad-gujarati.qxd 09-11-2019 13:23 Page 3

Samvad-gujarati-July-Sep 2019:Samvad-gujarati.qxd 09-11-2019 13:23 Page 4



## સ્વતંત્રતા દિન

**તારીખ: -- -2019**

pls send the
photo for this
space

સ્વતંત્રતા દિન નિમિતે 15 શાળાઓમાં ધ્વજવંદન બાદ દરેક બાળકોને મિઠાઈ વિતરણ કરવામાં આવ્યું. તેમજ વિલાયત ગામના બાળકોને વોલીબોલની કિટનું વિતરણ કરવામાં આવ્યું.

## વિજ્ઞાન પ્રદર્શન

**તારીખ: -- -2019**



6 શાળાઓના વિદ્યાર્થીઓ માટે વોરાસમની શાળા ખાતે વિજ્ઞાન પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું. મુસ્કાન શાળાઓમાંથી ભેરસમ ગામની પ્રાથમિક શાળા તેમજ સલાદરા ગામ ખાતેની પ્રાથમિક શાળા દ્વારા તાલુકા તેમજ જિલ્લા કક્ષાએ વિજ્ઞાન પ્રદર્શનમાં ભાગ લેવામાં આવ્યો હતો. શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓ પાસે અલગ અલગ પ્રયોગો કરાવવામાં આવ્યાં.

## "સ્વચ્છતા એક સેવા"

**તારીખ: -- -2019**



સ્વચ્છતા એ જ સેવા અભિયાન અંતર્ગત શાળાઓમાં ચિત્રસ્પર્ધા તેમજ વકૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સ્વચ્છતા કાર્યક્રમ તેમજ પાણી પ્રદૂષણ અટકાવવા અને ઘર, ગામ, શાળામાં સ્વચ્છતા રાખવા જેવા વિષયો ઉપર ચિત્રસ્પર્ધા કરવામાં આવી તેમજ સ્વચ્છતા અને ગાંધી જયંતિ નિમિતે વકૃત્વ સ્પર્ધા કરવામાં આવી. જેમાં કુલ ______ બાળકોએ ભાગ લીધો હતો. તેમજ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે પ્થમ દ્વિતિય અને તૃતિય ઈનામ આપવામાં આવ્યા હતા.

## યુથ ડેવલોપમેન્ટ પ્રોગ્રામ

**તારીખ: -- -2019**



યુથ ડેવલોપમેન્ટ પ્રોગ્રામમાં આ ત્રણ માસમાં બાળકોનુ એસેસમેંટ કરવામાં આવ્યું. બધા બાળકોમાંથી જે બાળકો અભ્યાસમાં કમજોર એવા બાળકોનાં બધી જ મુસ્કાન સ્કુલમાં ગ્રુપ બનાવી અને એ બધા બાળકોને ટ્યુશન આપી જયુબિલંટ ભરતિયા ફાઉન્ડેશન દ્વારા મુસ્કાન શાળામાં મદદ કરવામાં આવી.

મુસ્કાન શાળાઓમાં ૪ થી ૬ ધોરણના બધા જ વિદ્યાર્થીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યું અને અલગ અલગ પ્રવૃતિઓથી વિદ્યાર્થીઓને અભ્યાસમાં આગળ લાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો.

મુસ્કાન ફેલો દ્વારા મુસ્કાન શાળામાં કમજોર વિદ્યાર્થીઓને શાળા બાદ ગણિત, અંગ્રેજી, વિજ્ઞાન જેવા વિષયોમાં આગળ લાવવાનો એક પ્રયત્ન કરવામાં આવ્યો છે.

## HP JBF મોબાઈલ ડિજીટલ લર્નિંગ

**તારીખ: -- -2019**




જયુબિલન્ટની આજુબાજુના ગામડામાંથી ત્રણ ગ્રેજયુએટ વિદ્યાર્થીઓને પસંદ કરવામાં આવ્યા. જયબિલન્ટ ભરતિયા ફાઉન્ડેશન દ્વારા આ પસંદ કરેલા યુવકને માર્કેટીંગ અને એંટરપ્રેનોસીસમાં પોસ્ટ ગ્રેજયુએશન આપવામાં આવશે.

આ પસંદ કરેલા વિદ્યાર્થીઓના માધ્યમથી મુસ્કાનની ૧૫ શાળાઓમાં બાળકોને ડિજીટલાઈઝ કરી અને વિદ્યાર્થી અભ્યાસને આગળ કરવામાં આવશે અને આની સાથે યુવકોને પણ અભ્યાસ કરવાનો એક મોકો મળશે. આ હેતુથી જયુબિલન્ટ ભરતિયા ફાઉન્ડેશન દ્વારા આ પ્રોજેક્ટનુ આયોજન કરવામાં આવ્યું.

એક યુવક ટોટલ ૫ સ્કુલમાં જઈને આ પ્રોગ્રામ આગળ વધારશે, વિદ્યાર્થીઓને પણ મદદ કરવામાં આવશે.

આ ત્રણ યુવકોને દિલ્હિમાં ટ્રેનિંગ અને કોલેજમાં એડમિશન કરવામાં આવ્યું.